સેશન્સ અદાલતમાં અપીલ / રિવિઝન અરજી કરવાની
મંજૂરીની સત્તા ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીને સુપ્રત કરવા બાબત.

ગુજરાત સરકાર
કાયદા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પરચ/૨૧/૨૦૧૪/1658/બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ
2 [illegible] 2014

વંચાણે લીધા :–(૧) નામદાર ગુજરાત હાઇકોર્ટના ક્રિમીનલ પરચુરણ અરજી નં.૯૪૮૦/૨૦૧૩ માં તા.૦૪–૧૦–૨૦૧૩ તથા તા.૧૮–૧૦–૨૦૧૩ ના હુકમો.

(૨) નામ. હાઇકોર્ટનાં ઉકત આદેશના અનુસંધાને તા.૧૭–૧૧–૨૦૧૩ ના રોજ સરકીટ હાઉસ, અમદાવાદ ખાતે આયોજીત રાજયના તમામ જિલ્લા વકીલશ્રીઓની કાર્ય શિબિરની કાર્યવાહી નોંધ.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૮(૧) (એ) તથા કલમ– ૩૯૭ (૨)

**<u>પરિપત્રઃ</u>**

ઉપરોકત વંચાણમાં લીધેલ અનુક્રમ નં.(૧) માં દર્શાવેલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૯૪૮૦/૨૦૧૩ માં નામદાર હાઇકોર્ટે રાજય સરકાર તરફથી દાખલ કરવામાં આવતી ક્રિમીનલ અપીલો તથા ક્રિમીનલ રિવિઝન અરજીના કામે થતો વિલંબ અટકાવવા જરૂરી પગલાં લેવા આદેશ કરેલ તે અનુસંધાને તારીખ:૧૭–૧૧–૨૦૧૩ ના રોજ રાજયના તમામ જિલ્લાના સરકારી વકીલશ્રીઓ, હાઇકોર્ટના એડીશનલ પી. પી. શ્રીઓ તથા રાજયના કાયદા વિભાગના અધિકારીશ્રીઓની એક બેઠક ગુજરાત હાઇકોર્ટના મુખ્ય સરકારી વકીલશ્રીની હાજરીમાં, સચિવશ્રી, કાયદા વિભાગની અધ્યક્ષતામાં મળેલ હતી.

સદરહુ બેઠકમાં ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૩૭૮(૧) અન્વયે સેશન્સ અદાલતોમાં દાખલ કરવામાં આવતી અપીલો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૯૭ અન્વયે રાજય સરકાર તરફથી દાખલ કરવામાં આવતી રિવિઝન અરજીઓ કરવાની મંજૂરીની સત્તા સોંપણી બાબતે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલી. આ બાબતે સઘન વિચારણાના અંતે એવું ઠરાવવામાં આવેલ છે કે,

**<u>ક્રિમી.પ્રોસીજર કોડ ની કલમ–૩૭૮(૧)(એ) મુજબની અપીલ</u> :–**

૧.૧ ક્રિમી.પ્રોસીજર કોડ ની કલમ–૩૭૮(૧)(એ) ની જોગવાઇઓ મુજબ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી કોગ્નીઝેબલ અને નોન–બેઇલેબલ ફોજદારી ગુનાઓની બાબતમાં મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા નિર્દોષ છોડી દેવાના હુકમ સામે સેશન્સ કોર્ટ સમક્ષ અપીલ રજુ કરવા પબ્લીક પ્રોસીકયુટરશ્રીને આદેશ આપી શકે છે.

૧.૨ રાજયના તમામ આસી. પબ્લિક પ્રોસીકયુટર્સશ્રીઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૩૭૮(૧)(એ) હેઠળ કોગ્નીઝેબલ અને નોન બેઈલેબલ ફોજદારી ગુનાના કામે મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા નિર્દોષ છોડી દેવાના હુકમ સામે સેશન્સ ન્યાયાલયમાં દાખલ કરવાની થતી અપીલની દરખાસ્ત મેજીસ્ટ્રેટ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદાની ખરી નકલ, સાધનિક કાગળો તથા પોતાનો કારણોસભર સ્પષ્ટ અભિપ્રાય (કાયદા વિભાગના તા.૨૪–૦૪–૨૦૧૩ ના પરિપત્ર મુજબ) સંબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રી ને મોકલી આપવાની રહેશે.

<u>ક્રિમી.પ્રોસીજર કોડ ની કલમ–૩૯૭ મુજબની રિવિઝન :–</u>

૨.૧ ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૩૯૭ ની જોગવાઈઓ, સેશન્સ કોર્ટે તેની સ્થાનિક હકુમતમાં આવેલી કોઈ પણ નીચલી ફોજદારી અદાલતે આપેલા કોઈ નિર્ણયના અથવા કરેલ કોઈ સજા કે હુકમના ખરાપણા, કાયદેસરતા કે ઔચિત્ય વિશે અને એવા નીચલી અદાલતની કોઈ કાર્યવાહી નિયમસર હોવા વિશે ખાતરી કરવા માટે રિવિઝન અરજી સાંભળવાની સત્તા બાબતની છે. ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૩૯૭ (૩ ) મુજબ આવા પ્રકારની રિવિઝન અરજી સેશન્સ અદાલતમાં "કોઈ પણ વ્યકિત" કરી શકે તેમ માનવાને કારણ છે.

૨.૨ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૯૭ હેઠળ સેશન્સ અદાલતમાં દાખલ કરવા પાત્ર રિવિઝન અરજી (દા.ત. આરોપીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ, મુદ્દામાલ અંગે આરોપીને બિન તહોમત છોડી મુકવાના હુકમ, તેમજ અન્ય તમામ પ્રકારના હુકમો માટે) દાખલ કરવાની મંજુરી આપવાની સત્તા સંબંધિત ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીને સુપ્રત કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

૨.૩ રાજયના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરશ્રીઓએ કલમ–૩૯૭ હેઠળ સેશન્સ અદાલતમાં દાખલ કરવાપાત્ર રિવિઝન અરજી કરવા મેજીસ્ટ્રેટના હુકમ/ચુકાદાની ખરી નકલ, સાધનિક કાગળો તથા પોતાના કારણોસભર સ્પષ્ટ અભિપ્રાય સહિતની દરખાસ્ત સંબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રી ને મોકલી આપવાની રહેશે.

૩. ઉપર (૧.૨ તથા ૨.૩) મુજબ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરશ્રી તરફથી અપીલ/ રિવિઝન દાખલ કરવાની દરખાસ્ત મળ્યેથી સંબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીએ પોતાના કારણોસહિત સ્પષ્ટ અભિપ્રાય સાથે સદરહુ દરખાસ્ત સંબંધિત ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીને તાત્કાલિક મોકલી આપવાની રહેશે. આ

પ્રકારના અભિપ્રાય આપવાની કામગીરી સંબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રી, કામના ભારણને ધ્યાનમાં રાખી એડીશનલ પબ્લિક પ્રોસીકયુટરશ્રીને સપ્રમાણસર વહેંચી શકશે.

૪. ઉપર મુજબની દરખાસ્ત સબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રી તરફથી મળ્યેથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ કેસનો ગુણદોષ ઉપર તાત્કાલિક નિર્ણય કરવાનો રહેશે અને નિર્ણયની જાણ જિલ્લા સરકારી વકીલશ્રીને કરવાની રહેશે. સદરહુ દરખાસ્ત પરત્વે લીધેલ નિર્ણય અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીમાં સંપૂર્ણ વિગતોવાળું અપીલ અને રિવિઝન માટે અલગ અલગ રજીસ્ટર પરિશિષ્ટ – એ અને બી મુજબ નિભાવવાનું રહેશે. લીધેલ નિર્ણયની એક નકલ પોતાની ફાઈલમાં રાખી નિર્ણય સાથેના અન્ય કાગળો જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીની કચેરીને પરત કરવાના રહેશે.

૫. ઉપર મુજબ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તરફથી મંજૂરી મળ્યેથી સંબંધિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીએ કાયદાની જોગવાઇ મુજબ સેશન્સ અદાલતમાં અપીલ/ રિવિઝન અરજી તાત્કાલિક દાખલ કરવાની રહેશે. જે કેસમાં અપીલ/ રિવિઝન દાખલ ન કરવાનો નિર્ણય લેવાયેલ હોય તે કેસની દરખાસ્ત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ લીધેલ નિર્ણય સહિત જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીએ સંબંધિત આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરને પરત કરવાની રહેશે. જિલ્લા સરકારી વકીલશ્રી/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીએ અપીલ અને રિવિઝનની કામગીરીનું અલગ અલગ રજીસ્ટર પરિશિષ્ટ – સી અને ડી મુજબ નિભાવવાનું રહેશે.

૬. જીલ્લા સરકારી વકીલશ્રીએ દર માસના અંતે અપીલ તથા રિવિઝન ની કામગીરી અહેવાલ દર માસે પરિશિષ્ટ–ઈ અને એફ માં જણાવેલ નમુના પ્રમાણેનાં પત્રકમાં વિગતો કાયદા વિભાગને મોકલવાના રહેશે.

૭. કોઈપણ દરખાસ્તનો નિર્ણય સમય મર્યાદામાં થાય તે માટે –

(૧) આસી. પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ અભિપ્રાય સહીતની દરખાસ્ત તૈયાર કરી મોકલવા,

(૨) જિલ્લા સરકારી વકીલશ્રીએ અભિપ્રાય આપવા,

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ નિર્ણય કરવા,

(૪) જિલ્લા સરકારી વકીલશ્રી ધ્વારા અપીલ/ રિવિઝન અરજી દાખલ કરવી.

આમ ચાર સ્તરે કાર્યવાહી કરવાની થાય છે. તેથી કાયદા ધ્વારા નિયત સ્તરે સમય મર્યાદાના ૧/૪ દિવસથી વધારે સમય કોઈ એક સ્તરે ન લેવામાં આવે તે ધ્યાનમાં રાખવું નિયત સમય મર્યાદામાં અપીલ રિવિઝન અરજી દાખલ કરવા કાર્યવાહી સંબંધિતોએ કરવાની રહેશે.

૮. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના નિર્ણયને તપાસ એજન્સી પડકારવા માગતી હોય તો સંબંધિત ડીસ્ટ્રીકટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ/કમિશનર ઓફ પોલીસ, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના નિર્ણયની નકલ, મેજીસ્ટ્રેટશ્રી કોર્ટના હુકમ/ચુકાદાની નકલ, સાધનિક કાગળો તેમજ પોતાના અભિપ્રાય સાથે જિલ્લા સરકારી વકીલશ્રી મારફત કાયદા વિભાગને દરખાસ્ત કરી શકશે.

ઉપર મુજબની સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. ડી. પટેલ)
નાયબ સચિવ.
કાયદા વિભાગ.

પ્રતિ,

૧. માનનીય રા.ક. મંત્રીશ્રી (કાયદા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
૨. ચીફ સેક્રેટરી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. સરકારી વકીલશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
૫. પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી , ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર આપના તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનોને પરિપત્ર મોકલી આપવા વિનંતીસહ.
૬. પબ્લીક પ્રોસીકયુટર્સશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ.
૭. સર્વે જિલ્લા સરકારી વકીલશ્રીઓ/પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીઓ.
૮. સર્વે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીઓ, – આપના તાબા હેઠળના આસી. પબ્લીક પ્રોસીકયુટર્સશ્રીઓને પરિપત્ર મોકલી આપવા જરૂરી કાર્યવાહી અર્થે વિનંતીસહ.
૯. સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ -એ  ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીની ઓફીસમાં નિભાવવાના અપીલ માટેના રજીસ્ટરનો નમુનો.

| અનુ.નં. | દરખાસ્ત મોકલનાર એ.પી.પી. શ્રીનુ નામ. | કેસ નંબર. | દરખાસ્તની ટુંકી વિગત. | એ. પી. પી. શ્રીએ દરખાસ્ત મોકલ્યા તારીખ. | લીધેલ નિર્ણયની વિગત. | નિર્ણયની તારીખ. | રિમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

## પરિશિષ્ટ– બી  ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીની ઓફીસમાં નિભાવવાના  રિવિઝન માટેના રજીસ્ટરનો નમુનો.

| અનુ.નં. | દરખાસ્ત મોકલનાર એ.પી.પી. શ્રીનુ નામ. | કેસ નંબર. | દરખાસ્તની ટુંકી વિગત. | એ. પી. પી. શ્રીએ દરખાસ્ત મોકલ્યા તારીખ. | લીધેલ નિર્ણયની વિગત. | નિર્ણયની તારીખ. | રિમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

## પરિશિષ્ટ–સી સરકારી વકીલશ્રીની ઓફીસમાં નિભાવવાના અપીલ માટેના રજીસ્ટરનો નમુનો.

| અનુ.નં. | દરખાસ્ત મોકલનાર એ.પી.પી..શ્રીનુ નામ. | કેસ નંબર. | દરખાસ્તની ટુંકી વિગત. | એ. પી. પી. શ્રીએ દરખાસ્ત મોકલ્યા તારીખ. | જિલ્લા સરકારી વકીલશ્રીના અભિપ્રાયની ટુંકી વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| જિલ્લા સરકારી વકીલશ્રીના અભિપ્રાયની તારીખ. | | ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીના નિર્ણયની ટુંકી વિગત. | અપીલ નંબર | અપીલ દાખલ કર્યા તારીખ. | રિમાર્કસ. |
| ૭ | | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

## પરિશિષ્ટ–ડી સરકારી વકીલશ્રીની ઓફીસમાં નિભાવવાના રિવિઝન માટેના રજીસ્ટરનો નમુનો.

| અનુ.નં. | દરખાસ્ત મોકલનાર એપીપી.શ્રીનુ નામ. | કેસ નંબર. | દરખાસ્તની ટુંકી વિગત. | એ. પી. પી. શ્રીએ દરખાસ્ત મોકલ્યા તારીખ. | જિલ્લા સરકારી વકીલશ્રીના અભિપ્રાયની ટુંકી વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| જિલ્લા સરકારી વકીલશ્રીના અભિપ્રાયની તારીખ. | | ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીના નિર્ણયની ટુંકી વિગત. | રિવિઝન નંબર | રિવિઝન દાખલ કર્યા તારીખ. | રિમાર્કસ. |
| ૭ | | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

## પરિશિષ્ટ–ઈ  જિલ્લા સરકારી વકીલશ્રીએ અપીલ/રિવિઝન ની કામગીરી અહેવાલનું પત્રક.

| અનુ.નં. | અપીલ/ રિવિઝન | માસની શરૂઆતમાં કેટલી દરખાસ્ત ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને મોકલવાની પેન્ડીગ. | એ.પી.પી.શ્રી પાસેથી માસ દરમ્યાન કેટલી દરખાસ્ત મળી. | કુલ દરખાસ્ત | ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીને કેટલી દરખાસ્ત મોકલી. | માસના અંતે કેટલી દરખાસ્ત મોકલવાની બાકી. | રિમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અપીલ | | | | | | |
| | રિવિઝન | | | | | | |
| કુલ | | | | | | | |

## પરિશિષ્ટ–એફ  જીલ્લા સરકારી વકીલશ્રીએ અપીલ/રિવિઝન દાખલ કર્યાની કામગીરી અંગે.

| અનુ. નં. | અપીલ/ રિવિઝન | માસના શરૂઆતમાં કેટલી અપીલ / રિવિઝન દાખલ કરવાની બાકી હતી. | માસ દરમ્યાન ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ તરફથી અપીલ/ રિવિઝન દાખલ કરવા અંગે કેટલા નિર્ણય મળ્યા. | કુલ (૩ + ૪ = ૫) | માસ દરમ્યાન દાખલ કરેલ અપીલ/ રિવિઝન | કેટલી અપીલ/ રિવિઝન દાખલ કરવાની બાકી. (૫– ૬ = ૭) | રિમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અપીલ | | | | | | |
| ૨ | રિવિઝન | | | | | | |
| ૩ | કુલ. | | | | | | |